# Prime Minister’s Visit to USA for Quad Leaders’ Summit and UNGA High-level Segment

September 14, 2021

---

# ક્વોડ નેતાઓની શિખર મંત્રણા અને યુએનજીએ હાઈ લેવલ સેગમેન્ટમાં ભાગ લેવા માટે વડાપ્રધાનની અમેરિકા મુલાકાત

સપ્ટેમ્બર 14, 2021

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી 24 સપ્ટેમ્બર 2021ના રોજ વોશિંગ્ટન ડીસી, યુએસએમાં ક્વોડ્રિલેટરલ ફ્રેમવર્કની લીડર્સ સમિટમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન, જાપાનના વડાપ્રધાન યોશીહિદે સુગા અને યુએસએના રાષ્ટ્રપતિ જોસેફ આર. બિડેન સાથે ભાગ લેશે. આ નેતાઓ 12 માર્ચ 2021 ના રોજ તેમની પ્રથમ વર્ચ્યુઅલ સમિટ પછી થયેલી પ્રગતિની સમીક્ષા કરશે અને સહિયારા હિતના પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરશે.

તેઓ સમકાલીન વૈશ્વિક મુદ્દાઓ જેવા કે મહત્ત્વની અને ઉભરતી ટેકનોલોજી, કનેક્ટિવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાયબર સુરક્ષા, દરિયાઇ સુરક્ષા, માનવતાવાદી સહાય / આપત્તિ રાહત, આબોહવા પરિવર્તન અને શિક્ષણ પર પણ વિચારોની આપલે કરશે. આ સમિટ એક મુક્ત, ખુલ્લા અને સમાવિષ્ટ ઇન્ડો-પેસિફિક ક્ષેત્રને સુનિશ્ચિત કરવાના તેમના સહિયારા દૃષ્ટિકોણ સાથે જોડાયેલા નેતાઓ વચ્ચે સંવાદ અને ક્રિયા-પ્રતિક્રિયા માટે એક અમૂલ્ય તક પૂરી પાડશે.

વડાપ્રધાન 25 સપ્ટેમ્બર 2021ના રોજ ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રની મહાસભા (યુએનજીએ) ના 76માં સત્રના ઉચ્ચ સ્તરીય વિભાગની સામાન્ય ચર્ચાને સંબોધિત કરવાના છે. આ વર્ષની સામાન્ય ચર્ચાની થીમ 'કોવિડ -19માંથી રિકવરી થવાની આશા દ્વારા સ્થિરતાનું નિર્માણ, ટકાઉ પુનઃનિર્માણ, વિશ્વની જરૂરિયાતોને સંતોષવી, લોકોના અધિકારોનો આદર અને સંયુક્ત રાષ્ટ્રને સજીવન કરવા' છે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 14, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.